ગાંધીનગર સમાચાર

લલિત મોદીના મામલે સુષ્મા પર વધતુ દબાણ

મોદી સરકાર બચાવમાં ઉતરી પરંતુ વિવાદ હજુ અકબંધ

નવી દિલ્હી,તા. ૧૭

ઈન્ડિયન પ્રિમિયર લીગના ભૂતપૂર્વ ચેરમેન લલિત મોદી અને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને આવરી લેતા પ્રકરણના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. માનવતાવાદી હેતુસર સુષ્મા સ્વરાજે લલિત મોદીની મદદ કરી હતી તેને લઈને મામલો ગરમ બનેલો છે. મોદી સરકારે આજે પણ બચાવ જારી રાખ્યો હતો. કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, આ સમગ્ર મામલામાં સરકાર પહેલાથી જ સ્પષ્ટતા કરી ચુકી છે અને જવાબ પણ આપી ચુકી છે. આ મુદ્દામાં વાસ્તવિકતા ચકાસવામાં આવી રહી છે. નવી અટકળોના આધાર પર કોઈ કામ થશે નહીં. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ આજે લલિત મોદી- સુષ્મા સ્વરાજ વિવાદ અંગે પ્રતિક્રિયા કરતા કહ્યું હતું કે, માનવતાવાદી આધાર કાયદાના ભંગ તરીકે હોઈ શકે નહીં. નિયમોનો ભંગ કરી શકાય નહીં. કોઈપણ મામલો હોય પરંતુ નિયમો સાથે ચેડા કરી શકાય નહીં. બીજી બાજુ સુષ્મા સ્વરાજે ટ્વિટર ઉપર કરવામાં આવી રહેલા સૂચન અંગે આકરી પ્રતિક્રિયા કરી હતી. ઉત્તરપૂર્વીય કોટા મારફતે મેડિકલ કોલેજમાં સીટ માટે તેમની પુત્રીની તરફેણ કરવાનો મામલો પણ આવ્યો હતો. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, તેમની પુત્રી ઓક્સ્ફર્ડ ગ્રેજ્યુએટ છે. આ પ્રકારના આક્ષેપોનો કોઈ મતલબ નથી. કોલકાતા અને દેશના અન્ય ભાગોમાં સુષ્મા સ્વરાજ સામે આજે જોરદાર દેખાવોનો દોર જારી રહ્યો હતો. એએપીના નેતા આશીષ પ્રધાને કહ્યું હતું કે, સરકારે અચ્છે

દિનની વાત કરી હતી પરંતુ ગુનેગારોની તરફેણ થઈ રહી છે. કાળા નાણાં છુપાવી રહેલા લોકોની તરફેણ થઈ રહી છે. બીજી બાજુ કેન્દ્રીય કેબિનેટની બેઠક પણ આજે યોજાઈ હતી જેમાં સુષ્મા સ્વરાજે પણ હાજરી આપી હતી. આ બેઠકમાં આ મુદ્દો છવાયેલો રહ્યો હતો. બીજી બાજુ વિદેશમંત્રાલયના સૂત્રોએ એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, ગયા વર્ષે લંડનમાં લલિત મોદી સાથે સુષ્મા સ્વરાજે કોઈ બેઠક કરી હતી.

અગાઉ મિડિયા અહેવાલમાં જણાવાયું હતું કે, સુષ્મા સ્વરાજ ગયા વર્ષે ઓક્ટોબરમાં બ્રિટિશ પાટનગરમાં આઈપીએલના પૂર્વ વડાને મળી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલોટે કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંદર્ભમાં સ્પષ્ટતા કરવી જોઈએ. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ પણ લલિત મોદી વિવાદમાં સુષ્મા સામે કરવામાં આવેલા તમામ આક્ષેપોને રદિયો આપ્યો છે. કોંગ્રેસે આ મામલામાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિરીક્ષણ કરવામાં આવે અને તેમાં તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે. જેટલીએ કહ્યું હતું કે, તમામ પ્રકારના આક્ષેપ બિલકુલ આધારવગરના છે. સુષ્મા સ્વરાજ અને પક્ષ પ્રમુખ અમિત શાહ નિવેદન આપી ચુક્યા છે. સારા ઈરાદા સાથે સુષ્મા સ્વરાજે રજૂઆત કરી હતી. નાણાંકીય ગેરરીતિના આક્ષેપોનો સામનો કરી રહેલા લલિત મોદી માટે પ્રવાસ દસ્તાવેજોમાં સુષ્મા સ્વરાજે મદદ કરી હોવાના અહેવાલ બાદ ભારે હોબાળો મચેલો છે. અમિત શાહ, ગૃહમંત્રી રાજનાથસિંહ, પર્યાવરણપ્રધાન પ્રકાશ જાવડેકર પણ સુષ્મા સ્વરાજના સમર્થનમાં વાત કરી ચુક્યા છે. જેટલીએ કહ્યું હતું કે, અમારા પ્રધાનો નિર્ણય લેવામાં સક્ષમ છે.

૨૨ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અંતે રદ કરી દેવાયા

નવીદિલ્હી,તા.૧૭

મોદી સરકારે ૨૨ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની મંજુરી રદ કરી દીધી છે. સાથે સાથે પ્રોજેક્ટને અમલી બનાવવા માટે ૨૭ને વધુ મહેતલ આપી દીધી છે. સરકારે તમિળનાડુ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ટુ ડેવલપર્સ સહિત ૨૨ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની મંજુરીને રદ કરી દીધી છે. પ્રોજેક્ટને અમલી બનાવવા માટે કોઈ સંતોષજનક પ્રગતિ ન દેખાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૨ સેઝને સરકારે રદ કરી દીધા બાદ કોર્પોરેટ જગતમાં આને લઈને ભારે ચર્ચા રહી છે. વાણિજ્ય સચિવ રાજીવ ખેરના નેતૃત્વમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજીવ ખેરના નેતૃત્વમાં બોર્ડ ઓફ એપ્રુવલ (બીઓએ)ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડ દ્વારા વિધિવત મંજુરી, નોટિફિકેશન રદ કરવા માટે એજન્ડાના ૨૨ કેસોની ચકાસણી કરવામાં આવી હતી. બોર્ડે ધ્યાન દોર્યું છે કે, ડેવલપર દ્વારા કરવામાં આવેલી પ્રગતિ યોગ્ય ન હતી. આ કારણસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. વાણિજ્ય મંત્રાલયે માહિતી આપતા કહ્યું છે કે, વ્યાપક ચર્ચા વિચારણા કર્યા બાદ બોર્ડે વિધિવત મંજુરી રદ કરી દીધી છે. જો કે, ડેવલપર્સ દ્વારા કેટલીક દલીલો કરવામાં આવી હતી. તમિળનાડુ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા તમિળનાડુમાં મલ્ટી પ્રોડક્ટ ઝોન સ્થાપિત કરવાની દરખાસ્ત મુકી હતી. આવી જ રીતે ટુ ડેવલપર્સે પણ આજ રાજયમાં આઈટી-આઈટીઈએસ ઝોન સ્થાપિત કરવા માટે દરખાસ્ત રજૂ કરી હતી. ૨૨ સેઝ પૈકી ૧૯ આઈટી અને આઈટીઈએસ સેક્ટરમાંથી હતી જયારે મલ્ટી પ્રોડક્ટ, એન્જિનિયરિંગ, હાર્ડવેર અને સોફ્ટવેર સહિત અન્ય સેક્ટરોની અરજીઓ પણ હતી. ફેબ્રુઆરી મહિનામાં સરકારે ૫૬ ટેક્સફ્રી એન્ક્લેવને રદ કરવાની જાહેરાત કરી હતી. બીઓએ દ્વારા ૨૭ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને પ્રોજેક્ટ અમલી કરવા સમય આપ્યો છે. વધુ સમય જે કંપનીઓને મળી ગયો છે તેમાં કર્ણાટક ઈન્ડસ્ટ્રીયલ એરિયા ડેવલપમેન્ટ બોર્ડ, ગલ્ફ ઓઈલ કોર્પોરેશન, વેદાંતા એલ્યુમિનિયમ, કંડલા પોર્ટ ટ્રસ્ટ, નવી મુંબઈ સેઝ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. દેશમાં મોટા નિકાસ હબ તરીકે સેઝને ગણવામાં આવે છે પરંતુ મેટ લાગૂ કરવામાં આવ્યા બાદ તેમાં નુકસાન જોવા મળી રહ્યું છે. ઈન્ડસ્ટ્રી દ્વારા મૂડીરોકાણને વધારવા માટે આ ટેક્સોને દૂર કરવાની વાત કરી છે. આ ઝોનમાંથી નિકાસ ૨૦૦૫-૦૬ ૨૨૮૪૦ કરોડથી વધીને ૨૦૧૩-૧૪માં ૪.૯૪ લાખ કરોડ થઈ ગઈ હતી. વાણિજ્ય મંત્રાલય દ્વારા નિકાસને વધારવા માટેના તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે.

સરકારી બેન્કોમાં નોકરી માટે વધુ એક ટેસ્ટ રહેશે

ઉમેદવારોને કોમન રિટર્ન ટેસ્ટ તેમજ ઈન્ટરવ્યુથી પહેલા પ્રિલિમિનરી એક્ઝામ આપવી પડશે

કોલકાતા,તા.૧૭

આ વર્ષથી સરકારી બેંકોમાં નોકરી મેળવવાની બાબત વધારે મુશ્કેલરુપ બની જશે. આ બેંકોમાં ઉમેદવારોની પસંદગી કરનાર સંસ્થા ભરતી પ્રક્રિયાને વધુ એક તબક્કાને ઉમેરવાની તૈયારીમાં છે. આના હેઠળ ઉમેદવારોને કોમન રિટર્ન ટેસ્ટ અને ઈન્ટરવ્યુથી પહેલા પ્રિલિમિનરી એક્ઝામની વ્યવસ્થા રહેશે. ઓછા ગંભીર ઉમેદવારોને પહેલાથી જ અલગ કરી દેવાની અને બીજી ગેરરીતિઓને રોકવાના હેતુસર આ દિશામાં પગલા લેવાઈ રહ્યા છે. ઈન્સ્ટિટ્યુટ ઓફ બેંકિંગ પર્સનલ સિલેક્શન મુંબઈના ડિરેક્ટર અને મેમ્બર સેક્રેટરી એએસ ભટ્ટાચાર્યએ કહ્યું છે કે, અમારા પ્રયાસરુપે યોગ્ય લોકોની ભરતી કરવામાં આવે. ત્રણ સ્તર પર પરીક્ષા મારફતે અમારી યોજના ગેરરીતિને રોકવાની છે. વર્તમાન લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુથી પહેલા આઈબીપીએસ જે પ્રારંભિક પરીક્ષા લેશે તેના માર્ક આગળની ટેસ્ટમાં ઉમેરવામાં આવશે નહીં. આ વર્ષે ૫૫૦૦૦થી પણ વધારે બેકિંગ ઉમેદવારો ત્રણ તબક્કામાં થનાર પ્રક્રિયામાં સામેલ થવાની તૈયારીમાં છે. આઈબીપીએસને ગયા વર્ષે સરકારી બેંકોના ૧૬૦૦૦ પ્રોબેસનરી અધિકારીના હોદ્દા માટે ૧૪ લાખ અરજી મળી હતી. ભટ્ટાચાર્યએ કહ્યું છે કે, પરીક્ષામાં નવા લેયરને સામેલ કરવાનો મતલબ એ છે કે, મુખ્ય પરીક્ષામાં ઓછા ઉમેદવાર રહેશે અને પરીક્ષા પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે. દેશની સૌથી મોટી બેંક એસબીઆઈ સૌથી પહેલા પ્રિલિમિનરી એક્ઝામ સિસ્ટમ શરૂ કરશે. બેંકની યોજના આગામી વર્ષે ૨૦૦૦ પ્રોબેશનરી ઓફિસરોની નિમણૂંક કરવાની છે. આના માટે પ્રક્રિયા આગામી સપ્તાહમાં શરૂ થશે.

કોંગીનું સભ્ય અભિયાન ઉત્તરીય રાજ્યોમાં ફ્લોપ

નવી દિલ્હી,તા. ૧૭

કોંગ્રેસના સભ્ય નોંધણી અભિયાનને નિષ્ફળતા હાથ લાગી છે. પાર્ટી આ મોરચે પોતે પણ સંકટનો સામનો કરી રહી છે. ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ જેવા રાજ્યોમાં પણ કોંગ્રેસનો ફ્લોપ શો થયેલો છે. કોંગ્રેસની હાલત હાલમાં કફોડી બનેલી છે. કોંગ્રેસની સાથે નવા સભ્યો જોડાવવામાં ખચકાટ અનુભવ કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ. બિહાર, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં કોંગ્રેસના સભ્ય નોંધણી અભિયાનને નોંધપાત્ર સફળતા મળી રહી નથી. કોંગ્રેસ તરફી માહોલ નહી હોવાની સાબિતી મળી રહી છે. જુદા જુદા રાજ્યોમાં આ અભિયાનને જોરદાર રીતે હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ ફ્લોપ શો રહ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો કોંગ્રેસ સાથે જોડાવવા માટે તૈયાર નથી. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા સભ્ય નોંધણી અભિયાનની પૂર્ણાહુતિ સોમવારના દિવસે થનાર હતી પરંતુ સભ્ય નોંધણી ઝુબેશને નબળો પ્રતિસાદ મળતા હાલત કફોડી બનેલી છે. ચિંતાતુર બનેલા કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ હવે આ અભિયાનને આગળ વધારી દેવાનો નિર્ણય કર્યો છે.હવે સભ્ય નોંધણી અભિયાન વધુ સમય સુધી ચાલશે. બીજી બાજુ ભાજપ દ્વારા હાથ ધરવામાં આવેલા સભ્ય નોંધણી ઝુંબેશને શાનદાર સફળતા મળી હતી. સોનિયા ગાંધીએ કાર્યકરોનો ઉત્સાહ વધારીને બ્લોક સ્તર સુધી કામ કરવા માટે કાર્યકરોને અપીલ કરી છે. બિહારમાં થોડાક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે ત્યારે પત્રને પીછેહટનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસે ગયા વર્ષેઓક્ટોબર મહિનામાં સભ્ય નોંધણી અભિયાનની શરૂઆત કરી હતી અને આને આ વર્ષે ૩૧મી માર્ચના દિવસે ખતમ કરવાની વાત હતી. કેટલાક રાજ્યોમાં કોંગ્રેસ પ્રત્યે લોકોના ઉદાસીન વલણના કારણે ૧૫મી મેસુધી અભિયાનને વધારવાની ફરજ પડી હતી. પાર્ટીના નેતાઓનું કહેવું છે કે, અમારા સભ્ય અભિયાનને ગુજરાત, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, કેરળ, તેલંગાણા અને દક્ષિણી રાજ્યોમાં ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે પરંતુ ઉત્તરી રાજ્યોમાં ચોક્કસપણે સમસ્યા આવી રહી છે. ઉત્તરપ્રદેશ, બિહાર, પંજાબમાં કોંગ્રેસના સભ્ય અભિયાનને મુશ્કેલી નડી રહી છે. આંધ્રપ્રદેશમાં આની શરૂઆત પણ થઈ શકી નથી. ગયા વર્ષે રાજ્યના વિભાજન બાદ પાર્ટી સંગઠન બનાવવામાં પણ ફ્લોપ છે. સભ્ય અભિયાનની સાથે જોડાયેલા વરિષ્ઠ નેતાઓનું કહેવું ચે કે, અહીં લહેર ચોક્કસપણે પાર્ટીની વિરુદ્ધમાં છે.

ભારત-બાંગ્લાદેશ વચ્ચે આજે પ્રથમ વનડે ખેલાશે

ઢાકા,તા.૧૭

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આવતીકાલે ત્રણ વનડે મેચોની શ્રેણીની પ્રથમ વનડે મેચ રમાનાર છે. આ મેચને લઈને બન્ને ટીમો પોત પોતાની અંતિમ વ્યુહરચના તૈયાર કરી ચુકી છે. બાંગ્લાદેશ સામેની વનડે શ્રેણીને પણ ભારતીય ટીમ આ વખતે હળવાશથી લેવા માટે તૈયાર નથી. આ જ કારણસર કોઈ સ્ટાર ખેલાડીને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો નથી. સંપૂર્ણ ટીમ મેદાનમાં ઉતરનાર છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ હાલમાં હોટફેવરીટ દેખાઈ રહી છે પરંતુ બાંગ્લાદેશ હમેંશા ઘરઆંગણે તમામ ટીમો સામે લડાયક દેખાવ કરતુ રહ્યુ છે જેથી ટીમ ઈન્ડિયાને સાવધાન રહેવુ રહેશે. આંકડા પર નજર કરવામાં આવે તો ભારતીય ટીમ ખુબ આગળ છે. આ બન્ને ટીમો વચ્ચે જે મેચો રમાઈ છે તે પૈકી ભારત ૨૫ મેચ જીત્યું છે. વર્ષ ૧૯૮૮ બાદથી તેમની વચ્ચે મેચો રમાઈ રહી છે. બાંગલાદેશ ત્રણ મેચો જીત્યું છે. જ્યારે એક મેચનુ પરિણામ આવ્યું નથી. મેચને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. મીરપુરમાં શેરએ બાંગલા સ્ટેડિયમ ખાતે તમામ ત્રણેય મેચો રમાનાર છે. વરસાદની શક્યતાને ધ્યાનમાં લઈને આ વખતે રિઝર્વ ડે રાખવામાં આવ્યા છે. બાંગલાદેશે હાલમાં ઘરઆંગણે પાકિસ્તાનને હાર આપી હતી. ભારતીય ટીમ ગયા વર્ષે પણ રમી હતી. જેમાં ભારતે રૈનાના નેતૃત્વમાં ૨-૦થી જીત મેળવી હતી. ભારતીય ટીમ બાંગ્લાદેશ જેવી ટીમ સામે સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં આવી જતા ટીમની છાવણીમાં અને ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે. . ભારતીય ટીમના બેટ્સમેનો અને બોલરોના ફોર્મને જોતા ભારતીય ટીમ સરળતાથી આ મેચ જીતી જશે તેવી શક્યતા છે. રોહિત શર્મા, શિખર ધવન અને વિરાટ કોહલી, સુરેશ રૈના અને હવે ધોની પણ ફોર્મમાં છે. બન્ને ટીમો વચ્ચે રમાનારી મેચોને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

ખેડૂતને આખરે રાહત : ડાંગરના લઘુત્તમ સમર્થન મુલ્યમાં ૫૦ રૂપિયાનો વધારો

નવી દિલ્હી,તા. ૧૭

નરેન્દ્ર મોદી સરકારે ખેડૂતોને રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં ડાંગરના લઘુત્તમ સમર્થન મુલ્ય (એમએસપી)ની કિંમતમાં પ્રતિક્વિન્ટલ ૫૦ રૂપિયાનો વધારો કરીને આ વર્ષ માટે ક્વિન્ટલ દીઠ ૧૪૧૦ રૂપિયા કરી દીધા છે. આર્થિક બાબતોની કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અન્ય અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ ૨૦૧૫-૧૬ની ખરીફ સિઝન માટે ડાંગરના એમએસપીમાં વધારાને લીલીઝંડી આપી દીધી છે. એગ્રીકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈઝ (સીએસીપી) પંચની ભલામણના આધાર પર ડાંગરના મુદ્દે નિર્ણય કર્યો છે. આજે યોજાયેલી બેઠકમાં સમર્થન મુલ્ય પર વ્યાપક વિચારણા કરવામાં આવી હતી. ૨૦૧૪-૧૫ની ખરીફ સિઝન માટે સરકારે સામાન્ય ડાંગરની વેરાઈટીના એમએસપીના ભાવ ૧૩૬૦ રૂપિયા નક્કી કર્યા છે જ્યારે ગ્રેડ એ વેરાઈટી

ડાંગરની કિંમત પ્રતિક્વિન્ટલ ૧૪૦૦ રૂપિયા નક્કી કરી છે. એમએસપી એ રેટ છે જે રેટમાં સરકાર ખેડૂતો પાસેથી અનાજની ખરીદી કરી છે. ખરીફ અથવા ઉનાળાની સિઝનમાં ડાંગર મુખ્ય પાક તરીકે છે. ખરીફ પાકની વાવણી જૂનથી દક્ષિણ પશ્ચિમ મોનસુન બેસી જવાની સાથે જ શરૂ થાય છે. સરકારી આંકડા દર્શાવે છે કે, ચોખાના પાક માટે વાવણી વિસ્તાર આ સિઝનના છેલ્લા સપ્તાહ સુધી ૪.૭૧ લાખ હેક્ટર થઈ હતી. ગયા વર્ષે આજ ગાળામાં ચોખાના પાક માટે વાવણી વિસ્તારનો આંકડો ૪.૫૨ લાખ હેક્ટર નોંધાયો હતો. ચોખાનું ઉત્પાદન વર્ષ ૨૦૧૪-૧૫ના પાક વર્ષમાં ૧૦૨.૫૪ મિલિયન ટન રહ્યું હતું. અગાઉના વર્ષમાં ૧૦૬.૬૫ મિલિયન ટનના રેકોર્ડ ઉત્પાદનની સામે ૧૦૨.૫૪ મિલિયન ટનનું ઉત્પાદન રહે તેમ માનવામાંઆવે છે. કેબિનેટની બેઠકમાં આજે અન્ય મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, મોદી સરકારે એકરેજને વધારવાના હેતુસર લઘુત્તમ સમર્થન મુલ્યમાં વધારો કર્યો છે. કઠોળના એમએસપીમાં પણ વધારો ઝીંકવામાં આવ્યો છે. કઠોળના એમએસપીમાં પ્રતિક્વિન્ટલ ૨૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવતા આ હિલચાલને ખુબ સારી હિલચાલ તરીકે ગણવામાં આવે છે. કેબિનેટ સમિતિએ કઠોળ માટે પ્રતિક્વિન્ટલ ૨૦૦ રૂપિયા બોનસની પણ વાત કરવામાં આવી છે. કઠોળના એમએસપીમાં વધારાને લઈને ચર્ચા ચાલી રહી છે. કઠોળ, મગફળી, દુંગળી જેવા પાકમાં હાલમાં ભાવ વધારાને લઈને ચર્ચા ચાલી રહી છે. કર્ણાટક, તમિળનાડુ, નાગાલેન્ડ, હરિયાણા, જમ્મુ કાશ્મીર, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા જેવા રાજયોમાં કઠોળનું ઉત્પાદન મોટાપ્રમાણમાં થઈ રહ્યું છે.

બ્રિટનને લખાયેલા પત્રો જારી કરવા ચિદમ્બરમની ઉગ્ર માંગ

લલિત મોદીએ આક્ષેપ કર્યા બાદ ચિદમ્બરમની પ્રતિક્રિયા બ્રિટિશ અધિકારીઓની સાથે ચર્ચામાં મુદ્દો ઉઠાવ્યો હતો

નવી દિલ્હી,તા. ૧૭

ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, બ્રિટિશ સત્તાવાળાઓને લખવામાં આવેલા પત્રોની વિગતો જાહેર કરવામાં આવે તે જરૂરી છે. યુપીએ સરકારના ગાળા દરમિયાન લલિત મોદી અંગે બ્રિટિશ સરકારને લખવામાં આવેલા પત્રોની વિગત પણ જાહેર થવી જોઈએ. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કહ્યું હતું કે, લલિત મોદીના આક્ષેપો યુપીએ સામે પણ થઈ ચુક્યા છે. લલિત મોદીએ કોંગ્રેસ અને ચિદમ્બરમ ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે, રાજકીય દ્વેષભાવ સાથે તેમને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આજ કારણસર કેન્દ્રીયમંત્રી શશી થરુરે પ્રધાન તરીકે રાજીનામુ આપવાની ફરજ પડી હતી. સુષ્મા સ્વરાજના રાજીનામાની માંગણી થઈ રહી છે ત્યારે લલિતે કોંગ્રેસ ઉપર વળતા આક્ષેપો મંગળવારના દિવસે કર્યા હતા. બે વર્ષથી પણ પહેલા નાણામંત્રી તરીકે ચિદમ્બરમે મોદી સામે પગલા ન લેવાનો મુદ્દો બ્રિટિશ સરકાર સમક્ષ ઉઠાવ્યો હતો. લલિત મોદીએ ભારતમાં મની લોન્ડરીંગ સહિત નાણાંકીય ગેરરીતિના શ્રેણીબદ્ધ આક્ષેપો સપાટી ઉપર આવ્યા બાદ લંડનમાં આશરો લીધો હતો. ચિદમ્બરમે ચાન્સલેર એસચેકર સાથે ૨૦૧૩માં આ મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીના પાસપોર્ટને જપ્ત કરી લેવામાં આવ્યો છે જેથી તેમને દેશનિકાલ કરવા બ્રિટનને ચિદમ્બરમે અપીલ કરી હતી. બીજી બાજુ જનતા દળ યુનાઈટેડના વડા શરદ યાદવે સુષ્મા સ્વરાજ-લલિત મોદી વિવાદ મામલે મૌન બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર સીધા આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર લોકસભા ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા અચ્છે દિનના વચનોને પાળી રહી નથી.

૬૭૫૧ કરોડની ૧૬ વિદેશી રોકાણ દરખાસ્તોને બહાલી

નવી દિલ્હી,તા. ૧૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સરકારે ટોરેન્ટ ફાર્મા અને સ્ટાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સહિતની ૧૬ વિદેશી મૂડીરોકાણની દરખાસ્તોને આજે લીલીઝંડી આપી દીધી હતી. આ વિદેશી મૂડીરોકાણની દરખાસ્તો ૬૭૫૦.૮૬ કરોડની હોવાનું જાણવા મળ્યું છે. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, વિદેશી મૂડીરોકાણ પ્રોત્સાહન બોર્ડની ભલામણની આધાર પર સરકારે ૬૭૫૦.૮૬ કરોડની કિંમતની એફડીઆઈની ૧૬ દરખાસ્તોને મંજુરી આપી દીધી છે. આ દરખાસ્તોને ૨૮મી મેના દિવસે યોજાયેલી એફઆઈપીબીની બેઠક દરમિયાન મંજુરી આપવામાં આવી હતી. જો કે, આ બેઠક દરમિયાન ૨૧ દરખાસ્તોને મોકૂફ કરવામાં આવી હતી જ્યારે અન્ય છ દરખાસ્તોને ફગાવી દેવામાં આવી હતી. સરકારે ૧૩.૦૯ ટકાથી એફઆઈઆઈ રોકાણની મર્યાદાને ૩૫ ટકા સુધી કરવાની ટોરેન્ટ ફાર્માની દરખાસ્તને સરકારી મંજુરી આપી દીધી છે. અન્ય કેટલીક દરખાસ્તોને પણ સરકારે મંજુરી આપી દીધી છે જેમાં વિદેશી રોકાણ વધારવાની વાત કરવામાં આવી છે. બ્રોડકાસ્ટર સ્ટાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે વધુ ઈશ્યુઅન્સ માટે મંજુરી લઈ લીધી છે. એફડીઆઈની દરખાસ્તો જેને મંજુરી આપવામાં આવી છે તેમાં સ્ટેરીકાટગટ સ્ટ્રીંગ્સ પ્રાઈવેટ લિમિટેડ, બીએએસએફ કેમિકલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ સ્થિત ટીઆઈઆરએફ કોચી પ્રોજેક્ટ, ટીઆરઆઈએફ રિયલ એસ્ટેટ, ટુડે મેગેઝિન લાઈફ સ્ટાઈલનો સમાવેશ થાય છે. કોટક મહિન્દ્રા બેંકમાં વિદેશી રોકાણ વધારવાની દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે. કેટલીક દરખાસ્તોને ફગાવી પણ દેવામાં આવી છે. જેમાં એસએમઈ કેપિટલ માર્કેટ, આઈઆઈએફએલ હોલ્ડિંગ, ક્વાન્ટમ, બીગ ઈન્ડિયા મોલ્સનો સમાવેશ થાય છે.

મુસ્લિમોની ચિંતા મમતાએ છોડી

હવે મમતા મોદી સાથે યોગાસન કરવા તૈયાર

કોલકાતા,તા. ૧૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબંધોમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. જેના પરિણામ સ્વરુપે મોદી સરકારની વિવિધ યોજનાઓમાં મમતા બેનરજી હવે ઉત્સુકતાપૂર્વક ભાગ લઈ રહ્યા છે. મમતા સરકારે મોદી સરકારની જનધન યોજના અને બેટી બચાવો બેટી પઢોવો જેવી યોજનાઓને ફગાવી દીધા બાદ સ્વચ્છ ભારત અભિયાનને ટેકો આપવાનો પણ ટેકો આપવાનો ઈન્કાર કરી દીધો હતો. પરંતુ હવે ૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસને મનાવવાની તૈયારી મમતા બેનરજીએ કરી લીધી છે. મમતા સરકાર મુસ્લિમ સમુદાયને ધ્યાનમાં લીધા વગર મોદી સાથે યોગાસન કરવાની તૈયારી કરી ચુકી છે. મમતા સરકારના સૌથી મોટા વોટબેંક તરીકે લઘુમતિ વોટબેંક છે. લઘુમતિ મતદારોની નારાજગીનો સામનો કરવો પડશે તે બાબતની નોંધ લઈને પણ મોદી સરકાર સાથે જોડાવવાનો મમતા બેનરજીએ નિર્ણય કર્યોછે. કોલકાતામાં જુદા જુદા કાર્યક્રમો યોજાશે. ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. મમતા બેનરજીએ સ્પષ્ટ સુચના આના માટે આપી છે. લઘુમતિ સમુદાય મમતા સરકારની આ હિલચાલથી નાખુશ દેખાઈ રહી હોવાના અહેવાલ આવી રહ્યા છે.

સેંસેક્સ ૧૪૬ પોઈન્ટ ઉછળી ૨૬૮૩૩ની નવી સપાટી ઉપર

મુંબઈ,તા. ૧૭

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે રિવકરીનો દોર જારી રહ્યો હતો. બેંચમાર્ક શેર ઈન્ડેક્સમાં ઉછાળો રહ્યો હતો. મોનસુનને લઈને ચિંતા હળવી બન્યા બાદ એફએમજીસીના શેરમાં ઉછાળો નોંધાયો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના નેતૃત્વમાં શેરમાં જોરદાર તેજી જામી હતી. સેંસેક્સ કારોબારના અંતે ૧૪૬ પોઈન્ટ ઉછળીને ૨૬૮૩૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૪ પોઈન્ટ ઉછળીને ૮૦૯૨ની સપાટીએ રહ્યો હતો. લેવાલીનો દોર આજે જારી રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૪ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આજે ૧.૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ મજબૂત રહી હતી. ૧૭૧૬ શેરમાં તેજી અને ૯૪૦ શેરમાં મંદી રહી હતી. એફએમસીજી અને હેલ્થકેર ઈન્ડેક્સમાં સૌથી વધુ ઉછાળો નોંધાયો હતો. સ્ટીલના શેરમાં પણ તેજી રહી હતી. સરકારે લોંગ સ્ટીલ પ્રોડક્ટ ઉપર આયાત ડ્યુટીમાં વધારો કર્યો છે. આયાત ડ્યુટીને ૫.૫ ટકાથી વધારી ૭.૫ ટકા કરવામાં આવી છે. તાતા સ્ટીલના શેરમાં ૩.૬ ટકા અને શેઈલના શેરમાં ૧.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. મિડકેપના ક્ષેત્રમાં ભૂષણ સ્ટીલમાં ૩.૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. આજે કારોબાર દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ત્રણ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. વિપ્રોના શેરમાં ૧.૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઓરિસ્સામાં નવા પ્લાન્ટની શરૂઆત થઈ રહી છે આવા અહેવાલત